Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રકાશ

પરોપકાર એ પુણ્ય અને પરપીડન એ પાપ, પાપમાંથી બચવું સહેલું છે. જનસેવાથી તે સાધી શકાય. પણ પુણ્યમાંથી બચવું અઘરૂં છે. તે માટે પુણ્યાચરણની સાથોસાથ નિરહંકારતા જોઇએ. નિરહંકારી સેવા ઉત્તમ શ્રેયસ્કર છે.

—વિનોબા

: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

અષાડ આત્મ સં. વર્ષ : ૬૨
૨૦૨૧ ૬૯ અંક : ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વતંત્રતાની લડત લડનારા જે સ્વપ્નો સેવતા હતા, તેમાંનાં કેટલાં સ્વપ્નો પં. નહેરુ જેવા કર્ણધાર હોવા છતાં આ દેશ સત્ય કરી શકયો છે? ક્રાંતિથી આપણે સ્વરાજ્ય મેળવ્યું છે એમ કહી ન શકાય. અને કદાચ તેથી જ આર્થિક અને સામાજિક ક્રાંતિની વાતો ક્રાંતિ માટે આવશ્યક એવી ઉત્કટતા અને ઝડપથી અમલમાં મૂકી શકાઇ નથી. વળી લોકશાહી પદ્ધતિ અને ક્રાંતિ એ બે વચ્ચે મેળ ખવડાવવો પણ ખૂબ જ મુશ્કેલ છે. લોકશાહી પદ્ધતિમાં બની શકે તેટલું ઓછું ફરજિયાતપણું હોય અને બહુમતી લોકો સ્વીકારે, લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓના બહુમતી સ્વીકારે એવાં પગલાં જ એક પછી એક મૂકી શકાય. ક્રાંતિ દ્વારા જૂનાનું ખંડન જ કરી નાંખીને એના ભંગાર ઉપર નવસર્જન કરવાની પ્રક્રિયા અને લોકશાહી પદ્ધતિ દ્વારા લાંબા સંક્રાંતિકાળની પ્રક્રિયા વચ્ચે બહુ મહત્ત્વનો તફાવત છે. લોકશાહીમાં ક્રાંતિ –રેવોલ્યુશન નહિ–પણ ઉત્ક્રાંતિ–ઇવોલ્યુશનની જ આશા રાખવી જોઇએ.

ગ્રામ : " Jahangir "

ફોન નં. મીલ : ૨૮૦
બંગલો : ૩૨૮

## ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટસ
મંગળદાસ જેસીંગભાઇ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોકસ નં. ૨
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૨ મું ] તા. ૧૦ જુલાઇ ૧૯૬૫ [ અંક ૯

# જિનવાણી

सो तवो दुविहो वुत्तो
बाहिरब्भन्तरो तहा ।
बाहिरो छव्विहो वुत्तो
एवमब्भन्तरो तवो ॥

દેહ અને ચિત્તને શુદ્ધ કરવા માટે તે નિગ્રહરૂપ તપના બે પ્રકાર કહેલા છે : બાહ્ય તપ અને આંતરિક તપ. નિગ્રહરૂપ બાહ્યતપના છ પ્રકાર કહેલા છે અને એવા જ આંતરિક તપના છ પ્રકાર બતાવેલા છે.

अणसणमूणोयरिया
भिक्खायरिया य रसपरिच्चाओ ।
कायकिलेसो संलीणया य
बज्झो तवो होई ॥

બાહ્ય તપના છ પ્રકાર આમ સમજવા : (૧) અનશન (૨) ઊનોદરિકા (૩) ભિક્ષુચર્યા (૪) રસપરિત્યાગ (૫) કાયકલેશ અને (૬) સંલીનતા.

पायच्छित्तं विणओ
वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं च विओस्सग्गो
एसो अब्भिन्तरो तवो ॥

આંતરિક તપના છ પ્રકાર આમ સમજવા: (૧) પ્રાયશ્ચિત્ત (૨) વિનય (૩) વૈયાવૃત્ય (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન અને (૬) વ્યુત્સર્ગ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિનય

શ્રીમદ્ રાજચંદ્ર

રાજગૃહી નગરીના રાજ્યાસન પર જ્યારે શ્રેણિક રાજા વિરાજમાન હતા, ત્યારે તે નગરીમાં એક ચંડાળ રહેતો હતો. એક વખતે ચંડાળની સ્ત્રીને ગર્ભ રહ્યો, ત્યારે તેને કેરી ખાવાની ઇચ્છા થઇ. તેણે એ લાવી આપવા ચંડાળને કહ્યું.

ચંડાળે કહ્યું : " આ કેરીનો વખત નથી, એટલે મારો ઉપાય નથી. નહીં તો હું ગમે તેટલે ઊંચે હોય ત્યાંથી મારી વિદ્યાના બળ વડે કેરી લાવી આપીને તારી ઇચ્છા પૂરી કરત "

ચંડાળપત્નીએ કહ્યું : " રાજાની મહારાણીના બાગમાં એક અકાળે કેરી દેનાર આંબો છે, તે પર અત્યારે કેરીઓ લચી રહી હશે. માટે ત્યાં જઇને એ કેરી લાવો "

પોતાની સ્ત્રીની એ ઇચ્છા પૂરી પાડવા ચંડાળ તે બાગમાં ગયો. તેણે ગુપ્ત રીતે આંબા નજીક જઇ, મંત્ર ભણીને એને નમાવ્યો અને કેરી લીધી. બીજા મંત્રવડે તેને હતો તેમ કરી દીધો. પછી તે ઘેર આવ્યો. અને તેની સ્ત્રીની ઇચ્છા પૂરી કરી. પછી દરરોજ તે ચંડાળ વિદ્યાબળે ત્યાંથી કેરી લાવવા લાગ્યો.

એક દિવસે ફરતાં ફરતાં માળીની દૃષ્ટિ આંબા ભણી ગઇ. કેરીઓની ચોરી થયેલી જોઇને તેણે શ્રેણિક રાજા આગળ નમ્રતાપૂર્વક હકીકત જણાવી. શ્રેણિકની આજ્ઞાથી બુદ્ધિશાળી પ્રધાન અભયકુમારે યુક્તિવડે તે ચંડાળને શોધી કાઢ્યો. પ્રધાને તેને પોતાની આગળ તેડાવીને પૂછ્યું : " આટલા બધા માણસો બાજુમાં રહે છે, છતાં તું કેવી રીતે ચઢીને એ કેરી લઈ ગયો કે જે વાત કળવામાં પણ ન આવી ? એ તું મને કહે. "

ચંડાળે કહ્યું : " આપ મારો અપરાધ ક્ષમા કરજો. હું સાચું બોલી જાઉં છું કે મારી પાસે એક વિદ્યા છે તેના યોગથી હું એ કેરીઓ લઇ શકયો. "

અભયકુમારે કહ્યું : " મારાથી ક્ષમા ન થઇ શકે. પરંતુ મહારાજા શ્રેણિકને એ વિદ્યા તું આપ, તો તેઓને એવી વિદ્યા લેવાનો અભિલાષ હોવાથી રાજાને એ વિદ્યા શિખવવાના તારા એ ઉપકારના બદલામાં હું તારો અપરાધ ક્ષમા કરાવી શકું. "

ચંડાળે એમ કરવા હા કહી પછી અભયકુમારે ચંડાળને શ્રેણિક રાજા જ્યાં સિંહાસન ઉપર બેઠા હતા ત્યાં લાવીને સામો ઊભો રાખ્યો અને સઘળી વાત રાજાને કહી બતાવી.

એ વાતની રાજાએ હા કહી. ચંડાળે પછી સામા ઊભા રહી થરથરતે પગે શ્રેણિકને વિદ્યાનો બોધ આપવા માંડ્યો. પણ તે બોધ એને લાગ્યો નહીં !

ઝડપથી ઊભા થઈ અભયકુમાર નમ્રતાથી બોલ્યા : " મહારાજ ! આપને જો વિદ્યા શીખવી હોય, તો એની સામા આવી ઊભા રહો; અને એને સિંહાસન આપો " રાજાએ વિદ્યા લેવા ખાતર એમ કર્યું તો તત્કાળ વિદ્યા સાધ્ય થઇ.

એક ચંડાળને પણ વિનય કર્યા વગર શ્રેણિક જેવા રાજાને વિદ્યા સિદ્ધ ન થઇ. તાત્પર્ય એ કે સદ્વિદ્યાને સાધ્ય કરવા વિનય કરવો. આત્મવિદ્યા પામવા યોગ્ય ગુરુનો જો વિનય કરીએ તો કેવું મંગળદાયી થાય !

( ' સમર્પણ 'માંથી સાભાર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્યાસત્ય વિવેક

લેખક : (સ્વ.) આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

સંસારમાં માનવીને દેહ ઉપરથી મમત્વભાવ ઓછો કરીને દસ પંદર દિવસ આહારનો ત્યાગ કરવો જેટલો મુશ્કેલ છે તેનાથી પણ હજાર ગણી મુશ્કેલી સત્ય બોલવામાં નડે છે. જ્યાંસુધી માનવીમાં માન તથા સ્પૃહા રહેલાં હોય છે ત્યાં સુધી તે સત્ય બોલી શકતો નથી. પ્રથમ તો સત્યનું સાચું સ્વરૂપ જાણવું ઘણું જ કઠણ છે, અને વસ્તુને સાચી રીતે જાણ્યા વગર સાચું બોલી શકાતું નથી. અજ્ઞાની જીવ જગતને પોતાની બુદ્ધિ પ્રમાણે સમજીને સત્ય બોલવાનો દાવો કરે છે, પણ તે બધુંયે વ્યર્થ છે; કારણ કે સત્ય બોલનારે પ્રથમ તો સંસારમાં સત્ તથા અસત્નું સ્વરૂપ સારી રીતે જાણવું જોઈએ સંસારમાં એક આત્મા જ સત્ છે, બાકીનું બધુંયે અસત્ છે. આત્મા સિવાયનું જડ જગત ક્ષણવિનશ્વર છે અને આત્મા ત્રણે કાળમાં એક સ્વરૂપે વિદ્યમાન રહેવાવાળો હોવાથી સત્ છે; માટે આત્માને ચૈતન્યસ્વરૂપ જાણી સમજીને અને જડને સડણપડણ સ્વભાવવાળુ જાણીને બોલવાથી સત્ય બોલી શકાય છે.

સ્વાર્થી તથા સ્પૃહાવાળો માણસ સાચું બોલી શકતો નથી; કારણ કે સંસારમાં સ્વાર્થ તથા સ્પૃહા જડ વસ્તુને આશ્રયીને થાય છે. જ્યાં સુધી માનવી એમ સમજતો હોય કે જડ જગતની ઉપાસનાથી આત્માને શાંતિ તથા સુખ મળી શકે છે ત્યાં સુધી તે સાચું જાણે છે એમ કહી શકાય નહિ. અને સાચું જાણ્યા વગર સાચું બોલી શકાય જ કેમ? મિથ્યા બોલવાનું કારણ જ મિથ્યા જ્ઞાન છે. જેને સ્વાર્થ અને સ્પૃહા કહેવામાં આવે છે તે મિથ્યા જ્ઞાનીઓમાં જ મળી આવે છે, સમ્યગ્ જ્ઞાનીઓમાં હોતાં નથી. મિથ્યા જ્ઞાન જડાસક્તિનું કારણ છે. જડાસક્તિ તે અજ્ઞાનતાનું લક્ષણ છે. આવો એક અણજાણ માણસ સાચું કેવી રીતે બોલી શકે? સમ્યગ્જ્ઞાન વગર કેવળ આંખથી જોઈને કે કાનથી સાંભળીને જે સાચું બોલવાનો દાવો કરે છે તે ભૂલે છે. જેમકે : ઉનાળાના દિવસોમાં રેતાળ પ્રદેશમાં જે મૃગતૃષ્ણા દેખાય છે અર્થાત્ પાણી ભર્યું હોય તેવો પ્રદેશ દેખાય છે, તેને જોનાર જળાશય કહે છે પણ તે જળાશય હોતું નથી; માટે તેનું બોલવું સાચું નથી; કારણ કે તેનું જાણવું સાચું નથી. જેણે ધતૂરો પીધો હોય તે બધી વસ્તુઓ પીળી જોવાનો અને કહેવાનો. તેવી રીતે મોહનીયના નશાવાળો પણ બધી યે વસ્તુને વિપરીત જ જાણવાનો અને બોલવાનો. જેવું જોયું હોય તેવુ કહેનાર મિથ્યા જ્ઞાની જીવ અજ્ઞાની જનતામાં ભલે સત્યવક્તા કહેવાય પણ જ્ઞાનીપુરુષોની દૃષ્ટિમાં તો તે મિથ્યાભાષી જ કહી શકાય છે; કારણ કે વિપરીત બોધવાળાનો પ્રયાસ વિપરીત હોવાથી તેનું પરિણામ વિપરીત આવે છે. જેનું પરિણામ વિપરીત આવે તે સાચું કેવી રીતે કહી શકાય? જગતે માની રાખેલ સાચું બોલવાથી જગતનો વ્યવહાર જાળવી શકાય ખરો, પણ વાસ્તવિકમાં પરમાર્થ દૃષ્ટિથી સાચું ન હોવાથી આત્મવિકાસમાં બાધકર્તા થઈ પડે છે. પુદ્ગલાનંદી–અજ્ઞાની જગતમાં સત્યવક્તાનું બિરુદ ધારણ કરનાર, વિકાસની વાટે વળેલા આત્માનંદી પુરુષોમાં પ્રમાણિકપણું મેળવી શકતો નથી; કારણ કે અજ્ઞાની અને જ્ઞાનીના માર્ગ જુદા હોવાથી જે અજ્ઞાનીને ગમે તે જ્ઞાનીને ન ગમે. અજ્ઞાની દેહને આત્મા કહે ત્યારે જ્ઞાની દેહથી જુદો ચેતનાવાળાને આત્મા કહે. આમ બેઉનો મતભેદ પડે એટલે અજ્ઞાનીની સાથે જ્ઞાની ન ભળે. બેઉનું જાણવું, માનવું અને બોલવું જુદું જ હોય છે. વસ્તુથી અણજાણ જીવો અજ્ઞાનીના બોલવાને સાચું માને ત્યારે વસ્તુને ઓળખનારા, જ્ઞાની કહે છે તે સાચું છે એમ માને. તત્ત્વદૃષ્ટિથી જોતાં જ્ઞાનીઓનું કહેવું સાચું કહી શકાય કે જેને તાત્ત્વિક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્ય કહેવામાં આવે છે, જેનું બીજું નામ લોકોત્તર સત્ય છે. આવું સાચું તો ઉચ્ચ કોટિના મહાપુરુષો બોલી શકે છે. સંસારમાં જેવું જણાય તેવું બોલનારને જે સત્યવક્તા કહેવામાં આવે છે તે લૌકિક સત્યને અનુસરીને છે. આવું સાચું બોલનારાઓ પણ ઘણા જ થોડા હોય છે.

ક્રોધી, લોભી, ભયભીત અને મશ્કરી કરનાર સાચું બોલી શકતા નથી. ક્રોધી માણસને ક્રોધ આવે છે ત્યારે ભાન ભૂલીને જૂઠું બોલે છે. સામેના માણસને દુઃખી કરવા અછતા દોષો બોલે છે. લોભી માણસ પણ મળેલી વસ્તુ સાચવવા અને નહિ મળેલી વસ્તુ મેળવવા સાચું બોલતો નથી. ભયભીત થયેલો માણસ ભયમાંથી છૂટી જવા જૂઠું બોલે છે. મશ્કરી કરનારાઓ જૂઠું બોલ્યા વગર મશ્કરી કરી શકતા નથી. આ ચાર કારણોને લઇને માણસો લૌકિક સત્ય પણ બોલતાં અચકાય છે.

માન તથા સ્વાર્થ સત્યના પૂર્ણ વિરોધી છે. બીજાની પાસેથી માન મેળવવાની લાલસાવાળા અસત્યનો ઉપયોગ કરે છે. કેવળ બોલવામાં જ સત્યનો ઉપયોગ થઈ શકતો નથી, પણ વિચારવામાં અને વર્તવામાં પણ સત્યનો ઉપયોગ થઈ શકે છે. સાચું બોલવું, સાચું વિચારવું અને સાચું વર્તવું; આ પ્રમાણે મન, વચન અને કાયાના વ્યાપારો સાચાયે હોય છે અને જૂઠાયે હોય છે. સાચું કે જૂઠું બોલાય તેને તો મોટો ભાગ સારી રીતે સમજી શકે છે; પણ સાચું વિચારવું અને સાચું વર્તવું તેને તો સમજુ માણસો જ સમજી શકે છે. સાચું વર્તવું એટલે પોતે જેવી સ્થિતિના હોય તેવી રીતે બહાર દેખાવું. કંગાલ હોવા છતાં શ્રીમંતાઇનો ઠાઠ રાખવો, મૂર્ખ હોવા છતાં વિદ્વાનનો ડોળ કરવો અર્થાત્ પોતાની પાસે જે વસ્તુ ન હોય તે દેખાડવાનો ડોળ કરવો તે એક પ્રકારનું જૂઠું વર્તન કહેવાય છે, કે જેને માની, પ્રશંસાપ્રિય માણસો ચાહે છે અને હમેશાં રાખે છે.

બધા ય સ્વાર્થ કરતાં માણસને વખણાવવાનો સ્વાર્થ ઘણો હોય છે, માટે તેને બીજાની પાસેથી વખાણ કરાવવા જૂઠું બોલવાની અને જૂઠું વર્તવાની બહુ જ જરૂર રહે છે. માણસોને મનગમતા પણ તેમનાથી નહિ બની શકે તેવાં કામોને મેં ઘણી સહેલાઇથી અને ઘણી વખત કરી નાખ્યા–એવું કહીને હોશિયારી બતાવે છે અને તેવાં કામો કરનારનો ખોટો ડોળ કરે છે; જેથી માણસો તેના વખાણ કરે છે, જેને સાંભળીને પોતે રાજી થાય છે. થોડું ભણ્યા હોય અથવા બિલકુલ ન ભણ્યા હોય, થોડું ધન હોય, થોડું બળ હોય વગેરે વગેરે વસ્તુઓ થોડી હોવા છતાં પણ વિશેષ પ્રમાણમાં હોવાનું જણાવવાને જૂઠું બોલે છે અને જૂઠું વર્તન કરી દેખાડે છે. તેને લઇને બીજાઓ તેના વખાણ કરે છે કે જે સાંભળીને તે ફુલાય છે, પણ તે વખાણ તથા રાજી થવું બન્ને જૂઠાં છે; કારણ કે માણસ જેનાં વખાણ કરે છે તે તેની પાસે નથી એટલે વખાણવું એ પણ જૂઠું છે અને રાજી થવું એ પણ જૂઠું છે. આવી રીતે જૂઠું બોલનાર તથા જૂઠું વર્તનારના વિચારો કયાંથી સાચા હોઈ શકે ? બોલવું અને વર્તવું સાચું ત્યારે જ કહી શકાય કે જ્યારે વિચારો સાચા હોય; કારણ કે સાચા વિચાર વગર સાચું બોલી શકાય નહિ જેમ જૂઠા વિચારથી સાચા વર્તનનો ડોળ કરી શકાય છે તેવી રીતે જૂઠા વિચારથી સાચું બોલવાનો ડોળ કરી શકાતો નથી. સંસારમાં બોલ્યા પ્રમાણે વર્તનારને સત્યવક્તા કહે છે, પણ વિચાર સાચા છે કે જૂઠા તે તરફ ધ્યાન અપાતું નથી. સ્થૂલ બુદ્ધિવાળા વર્તનને અનુસરીને બોલવામાં જ સાચાજૂઠાનું માપ કાઢે છે, પણ વિચારનું માપ કાઢી શકતા નથી. જેવી રીતે વચનનો અને કાયાનો વ્યાપાર પ્રત્યક્ષ થઈ શકે છે તેવી રીતે મનનો વ્યાપાર પ્રત્યક્ષ થઇ શકતો નથી, પણ બોલવા પ્રમાણે વર્તવાથી સાચા વિચારનું અનુમાન કરી શકાય છે. જો બોલવા પ્રમાણે ન વર્તે તો તેના વિચારો જૂઠા છે એમ અનુમાન કરી શકે છે. સાચા વિચારોથી કદાચ સાચું ન વર્તી શકાય પણ સાચું તો બોલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકાય છે. સાચું અથવા તો જૂઠું બોલવાનો કે વર્તવાનો આધાર વિચારો ઉપર રાખી શકાય છે. જે બોલવામાં કે વર્તવામાં વિચારો ભળે તે સાચું અને ન ભળે તે જૂઠું.

જેને માયા કહેવામાં આવે છે તે પણ આ અસત્યનું જ રૂપાંતર છે અર્થાત્ મનમાં કાંઈ બીજું અને બોલવામાં તથા વર્તવામાં કાંઇ બીજું. તે જ માયા છે કે જેને અસત્ય કહેવામાં આવે છે. માયા વગર અસત્ય બોલી શકાતું નથી અથવા વર્તી શકાતું નથી. બોલવા પ્રમાણે વર્તવા ઉપરથી તેના સાચા વિચારોનું અનુમાન કરીને આ સાચું બોલે છે એમ કહેવામાં આવે છે ખરું, પણ બહારથી પરમાર્થ દૃષ્ટિ દેખાડીને જો સ્વાર્થ પોષવામાં આવતો હોય તો તે વિચારો બોલવા તથા વર્તવામાં ન ભળવાથી જૂઠા છે અને એટલા માટે તેનું બોલવું તથા વર્તવું પણ જૂઠું છે. વર્તનને અનુસરીને વિચારમાં સાચાજૂઠાપણું કહી શકાય, પણ વિચારને અનુસરીને વર્તનમાં સાચા–જૂઠાપણું કહી શકાતું નથી; એટલે કે વિચાર પ્રમાણે વર્તવું તે સાચું અને વિચારથી વિપરીત વર્તવું તે જૂઠું. કોઈ વસ્તુ મેળવવાના સ્વાર્થગર્ભિત વિચારો હોય અને તે જ પ્રમાણે વર્તનમાં પણ સ્વાર્થ તરી આવતો હોય તો તે સાચું કહેવાય. એવી રીતે કોઈ પણ ખરાબ કાર્ય કરવાના વિચારો હોય અને વર્તનમાં પણ ખરાબ કાર્યની છાયા પડતી હોય તો તે સાચું કહી શકાય. વિચારમાં સ્વાર્થ હોય અને વર્તનમાં પરમાર્થનો ડોળ કરવામાં આવતો હોય તો તેને જૂઠું કહેવામાં આવે છે. આવું વર્તન કરનાર માયાવી પણ કહેવાય છે. બોલવામાં તો વિચાર પ્રમાણે બોલી પણ શકાય છે; કારણ કે બોલતાં પહેલાં બીજાને સંભળાવવાને માટે વિચારમાં બધું ગોઠવીને જ બોલે છે. વિચારમાં ગોઠવ્યા વગર કાંઇ પણ બોલી શકાતું નથી. જૂઠું બોલવાને માટે પણ જૂઠા વિચારો કરવા પડે છે, અને એટલા માટે જ વિચાર પ્રમાણે બોલવાનું કહેવાય છે. વિચારથી ભિન્ન બોલી શકાતું નથી છતાં તેમાં સાચા–જૂઠાનું અંતર વર્તન જ પાડે છે. વિચાર પ્રમાણે બોલવામાં માયા પણ હોતી નથી, તો પણ બોલ્યા પ્રમાણે ન વર્તવાથી જૂઠું કહેવાય છે. વિચાર પ્રમાણે બોલીને પોતાનું વર્તન પણ તેવું હોય તો તે પણ સાચું કહેવાય છે. તાત્પર્ય કે મન, વચન અને કાયાના વ્યાપારની એકતાનું નામ સત્ય છે. એ ત્રણેમાંથી એકનું પણ વિપરીતપણું હોય તો તે જૂઠું કહેવાય છે.

તત્ત્વને જાણનારા મહાપુરુષો પણ વિચાર પ્રમાણે બોલવાનું કહે છે. તેમનું માનવું છે કે જ્યારે માણસ કોઈપણ પ્રકારના વિચારો કરે છે ત્યારે અંતરજલ્પ થાય છે અર્થાત્ જ્યારે માનવી એવો વિચાર કરે કે મારે પ્રભુભક્તિ કરવી છે ત્યારે આ બધા યે અક્ષરોનો તેના ઘટમાં ઉચ્ચાર થાય છે. આ ઉચ્ચારને બીજો માણસ સાંભળી શકતો નથી, તો પણ પોતે તો સાંભળી શકે છે. આવી રીતે વિચાર પ્રમાણે વર્તવાનો નિયમ નથી. વિચારથી જુદું પણ વર્તી શકાય છે, તેવી રીતે બોલી શકાતું નથી. કોઈ માણસ આગળ કોઈ બીજી વ્યક્તિ વિષય સેવવાની વાત કરે તો તે વચનથી તિરસ્કાર કરીને વર્તનમાં ગ્લાનિ દેખાડે છે, છતાં તેના વિચારો તો વિષય સેવવાના હોય છે; એટલે બીજી વ્યક્તિની પરોક્ષમાં વિચારના અનુસાર જ વર્તે અને પોતાના અંગત માણસ આગળ વચનથી વિષયની પુષ્ટિ કરે તો બીજા માણસ આગળ બતાવેલાં વચન અને વર્તન બન્ને જૂઠાં છે, પણ પરોક્ષમાં તો વિચાર પ્રમાણે વર્તવાથી અને બોલવાથી સાચાં છે; કારણ કે સાચાજૂઠાનું સ્વરૂપ બારીકાઇથી તપાસીયે તો બીજી વ્યક્તિના જાણવા પ્રમાણે તેની રૂબરૂમાં કે તેની પૂંઠ પાછળ એકસરખી રીતે વર્તવું અને બોલવું તે સાચું, અને તેની પરોક્ષમાં વિપરીત વર્તવું અને બોલવું તે જૂઠું.

જે માણસો માન–પ્રતિષ્ઠાને ચાહે છે તેઓ ભાગ્યે જ સાચું બોલી શકે છે અને વર્તી શકે છે; કારણ કે જે વસ્તુનું માન મેળવવું છે તે વસ્તુ તેનામાં હોતી નથી માટે જ તેને બીજા પાસે જૂઠું બોલી આડંબર કરવો પડે છે. જેઓ બીજાની પાસે જૂઠું માન મેળવવાની લાલસાવાળા હોય છે તેઓની મનોદશા બહુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ દીન અને કંગાલ હોય છે; કારણ કે તેમને બીજાની અત્યંત ખુશામત કરવી પડે છે. માની માણસને પોતાનું બોલેલું જૂઠું જણાય તો ય તેને સાબિત કરવાને બીજાં ઘણાં જૂઠાં બોલવા પડે છે. જૂઠું સાચાથી સાબિત થઈ શકતું નથી, પણ તે જૂઠાથી જ સાબિત થઇ શકે છે. જૂઠો માણસ જ કદાગ્રહનો આશ્રિત થઇ શકે છે. પણ સાચો થઇ શકતો નથી. માની માણસો અવશ્ય કદાગ્રહી હોય છે. જેઓ બુદ્ધિમત્તા અને વિદ્વત્તાનું અભિમાન ધરાવે છે તેમના અંદર અસહિષ્ણુતા હોવાથી કોઇ માણસ સાચી રીતે વસ્તુનું વર્ણન કરતો હોય તો તેને જૂઠું ઠરાવવા પોતે જૂઠાનો ઉપયોગ સારી રીતે કરે છે.

સરળતા વગર સાચું બોલી શકાય નહિ અને તે સરળતા કહેવાતા વિદ્વાનો અને બુદ્ધિશાળીઓમાં ભાગ્યે જ નજરે આવે છે; કારણ કે તેમને પોતાની પ્રશંસા બહુ ગમે છે અને પ્રશંસાપ્રિય માણસ સરળ હોતા નથી. જૂઠું બોલ્યા વગર પોતાના મોઢે પોતાની પ્રશંસા થઇ શકે નહિ. કદાચ પ્રશંસા કરવામાં કંઈક સાચું હોય તો પણ જૂઠું મિશ્રણ થયા વગર રહેતું નથી. જો કે પરિણામ સાચું ન આવતું હોય તો પણ કહેવાતો વિદ્વાન અને બુદ્ધિશાળી માનહાનિના ભયથી અણજાણ બાબતોમાં જૂઠી રીતે માથું મારે છે. તેમની કોઈ સલાહ લે અથવા કાંઈ પ્રશ્ન પૂછે તો બુદ્ધિમત્તા અને વિદ્વત્તામાં ઊણપ ન આવવા દેવા માટે જૂઠાનો ઉપયોગ કરે છે.

સંસારમાં વિશ્વાસઘાતી મહાપાપી કહેવાય છે. સાચું બોલતાં શીખ્યા વગર વિશ્વાસઘાતના મહાપાપથી બચી શકાતું નથી. ઘણાખરા માણસો કહેવાતા બુદ્ધિશાળીઓ, વિદ્વાનો અને જ્ઞાનીઓ ઉપર વિશ્વાસ રાખનારા હોય છે. તેમની પાસેથી માન મેળવવાને અને ક્ષુદ્રવાસનાને પોષવાને જૂઠું બોલીને અને વર્તીને વિશ્વાસઘાત કરે છે. ઠગાઈ કરનારાઓ જૂઠું બોલવામાં બહુ હોશિઆર હોય છે. આ ઠગાઈ પણ વિશ્વાસઘાતનું રૂપાંતર છે; કારણ કે વિશ્વાસ રાખ્યા વગર ઠગી શકાતું નથી. બીજો માણસ વિશ્વાસ રાખે તો જ તેને ઠગી શકાય છે.

માણસ પ્રમાણિકપણાને ચાહે છે; પરંતુ સાચું બોલવાની દરિદ્રતા દૂર કરવાને પ્રયાસ કરતા નથી અને તેથી કરીને જૂઠાણાનો આશ્રિત, ઠગ અને વિશ્વાસઘાતી પ્રમાણિકપણું મેળવી શકતો નથી. અણજાણ દુનિયા ભલે પ્રમાણિક માને પણ જાણ માણસોમાં તો અપ્રમાણિકપણાનું ફળ મેળવે છે. જૂઠું બોલનાર અને વર્તનારને ઓળખવા છતાં અપ્રમાણિક માણસો અંગત સ્વાર્થને લઇને પ્રમાણિકપણાનું માન આપે છે, તેથી કાંઇ તે પ્રમાણિક બની શકતો નથી, અને અપ્રમાણિક માણસો પાસેથી પ્રમાણિકપણાનું માન મેળવી રાજી થવું તે એક મૂર્ખતા છે.

સાચું બોલવા માત્રથી કાંઇ આત્મવિકાસ કે શ્રેય થઇ શકતું નથી; કારણ કે સાચું દોષમિશ્રિત અને ગુણમિશ્રિત એમ બે પ્રકારનું છે. દોષમિશ્રિત સત્ય ભાગ્યે જ કોઈ બોલે છે, અને જે બોલે છે તે વસ્તુતત્ત્વના અણજાણુ બુદ્ધિ વગરના હોય છે. ગુણમિશ્રિત સત્ય બોલતાં ગુણી માણસો શરમાય છે. ચોરીના વિચારવાળો માણસ ચોરી કરીને પોતાને ચોરપણે બોલીને જણાવે છે તે સાચું બોલે છે છતાં સાચાનું ફળ જે આત્મશ્રેય છે તે મેળવી શકતો નથી. તેવી રીતે ઠગવાના વિચારવાળો બીજાને ઠગીને પોતાને ઠગપણે બોલીને જણાવે છે તો ય તે શ્રેય સાધી શકતો નથી; કારણ કે આ સાચું દોષમિશ્રિત છે. બુદ્ધિની નબળાઇને લઇને આ મહત્ત્વનાં કાર્યો છે એવી સમજણથી બીજા પાસેથી મહત્ત્વ મેળવવાને પોતાની વૃત્તિ, વર્તન અને વચનને સાચી રીતે જણાવે છે અને જેઓ આવા કાર્યોને હલકાં માને છે તેઓ તો હલકા બનવાના ભયથી સાચી રીતે જણાવી શકતા નથી. ઉત્તમ આચારવિચારવાળા ગુણવાન પુરુષો પોતાને ગુણીપણે બોલી જણાવતા શરમાય છે. તેમના વર્તન અને વિચાર સંબંધી કોઈ પૂછે તો જ તે નમ્રતાથી સાચી રીતે જણાવે છે. અવળાં કૃત્યો કરનારા દોષી માણસો માનહાનિના ભયથી સાચું બોલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકતા નથી અને જેઓ સાચું બોલવાનું સાહસ કરે છે તેઓ બુદ્ધિમત્તા, વિદ્વત્તા કે બીજી કોઈ પણ પ્રકારની કળાથી જનતામાં માન મેળવેલું હોવાથી તેઓ માન-હાનિનો ભય રાખતા નથી: કારણ કે પ્રથમથી જ કેટ-લાક માણસો તેના પક્ષપાતી હોવાથી દોષી જણાતા છતાં પણ તેના ગુણ ગાયા કરે છે. જૂઠું બોલ્યા વગર પોતાના દુષ્કૃત્યો સંતાડી શકાતાં નથી માટે માનવી-ઓને જૂઠો આડંબર કરવો પડે છે. જ્યાં આડંબર હોય છે ત્યાં સાચાનો આદર ભાગ્યે જ થાય છે; કારણ કે આડંબર અસત્યનું રૂપાંતર છે. અછતી વસ્તુને દેખા-ડવી તે આડંબર કહેવાય છે. આવી રીતે માનવીઓ જૂઠું બોલવાને ટેવાઈ ગયેલા હોવાથી સાધારણ બાબ-તમાં પણ સાચું બોલી શકતા નથી.

ઘણાખરા માણસોને પોતાની મોટાઇ અને બીજાની હલકાઈ ગમે છે. જો સાચું બોલવામાં પોતાની મોટાઇ જળવાતી હોય તો સાચું બોલતા અચકાતા નથી, પણ જો તેમને હલકાઈ સમજાય તો જૂઠું બોલવાના. જૂઠું બોલ્યા વગર બીજાની પાસેથી મોટાઈ મેળવી શકાતી નથી. અણજાણપણે અથવા જાણતાં છતાં સ્વાર્થને લઇને બીજો માણસ પ્રશંસા કરીને મોટાઈ આપતો હોય અને પ્રશંસા કરાયેલા ગુણો તથા તેવી સ્થિતિ પોતાનામાં ન હોય તો પ્રશંસાપ્રિય સામેના માણસને જૂઠું બોલતાં અટકાવી શકતો નથી, અને પોતે રાજી થાય છે. અને જો પોતાનામાં કોઈ પણ તેવા પ્રકારના અવગુણો હોય અને સામેનો માણસ વખોડે તો તેને તરત અટકાવી દે છે. આ પ્રમાણે જેઓ સાચું સાંભ-ળવાને પણ રાજી નથી, તેઓ સાચું કેવી રીતે બોલી શકે ? બીજાની જૂઠી રીતે કરવામાં આવતી હલકાઇને પોતે ખુશીથી સાંભળે પણ પોતાની સાચી રીતે કર-વામાં આવતી હલકાઇને સાંભળી શકતો નથી, પણ જૂઠી રીતે કરાયેલી પ્રશંસાને સાંભળે છે. તાત્પર્ય કે આવા માણસોને જૂઠું બોલવું ગમે છે અને જૂઠું સાંભળવું ગમે છે.

દ્વેષબુદ્ધિવાળા ઈર્ષાળુ માણસો પણ સાચું બોલી શકતા નથી; કારણ કે એવા માણસો બીજાની સાચી પ્રશંસા સાંભળી શકતા નથી, એટલે તેમનામાં જૂઠા દોષોનો આરોપ કરે છે. આ પ્રમાણે સૂક્ષ્મ દૃષ્ટિથી સંસારને તપાસીયે તો માણસોમાં અનેક પ્રકારે જૂઠું બોલવાનો પ્રચાર થઇ રહ્યો છે. ઘણા જ થોડા પ્રમા-ણમાં માણસો સાચું બોલનારા જણાય છે. જ્યારે વ્યાવહારિક સાચું બોલવામાં ઘણી જ અછત જણાય છે, તો પછી પારમાર્થિક સત્ય બોલવામાં તો હજારોમાં ભાગ્યે જ એકાદ નીકળી આવશે અને પારમાર્થિક સાચું બોલ્યા વગર વિકાસ સાધી શકાય નહિ.

# ભેટ અને આભાર

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય આચાર્ય શ્રી ધર્મ ધુરંધરસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાથી બોરીવલી આચાર્યપદ પ્રદાન મહોત્સવ અંગે છોડનું ઉજ-મણું થયેલ. તેમાં શ્રી માંકબાઈ ભગવાનજી માણેકજી બોનાએ છોડો વિગેરે કરાવી ગુરૂભક્તિ નિમિત્તે શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર પેઢી, દોલતનગર (બોરીવલી)ને આપેલ, તેમાંથી જરીનો ૧ છોડ, ૧ પૂંઠિયું, ૧ તોરણ શ્રી જૈન આત્માનંદ સભાને ભેટ મળેલ છે તે બદલ સર્વેનો આ સભા આભાર માને છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકાંત અને એકાગ્રતા

લે. સાનેગુરુજી

ભારતીય સંસ્કૃતિમાં એકાંતનું ઘણું મહત્ત્વ છે. સંસારની ઘાણીમાંથી જરાક મનને અલિપ્ત કરવું, શાંત કરવું અને મન ઉપરની સુખદુઃખની ગાંસડી ક્ષણ ભર ઉતારીને ફેંકી દેવાની! મનને આમ મુકત કરવું એ એકાંત.

એકાંત એટલે વિશ્રાંતિ. એ વખતે જાણે કે આપણે આપણા ઊંડા સ્વરૂપ સાથે ભળી જઇએ છીએ. અંદર ને અંદર જતા જઇએ છીએ. આકાશમાં સેંકડો વાદળાં આવે છે. હજારો વાયરા વાય છે, ધૂળના ગોટા તોફાને ચડે છે. પંખીઓ ઊડે છે, પણ એ બધાંની પાછળનું આકાશ ભૂરૂં જ હોય છે. એ આકાશને આ બધી વાતોનો સ્પર્શ થતો નથી. એવી જ રીતે આપણું હૃદયાકાશ હોવું જોઇએ. તેને સ્વચ્છ ને સુઘડ રાખવું જોઇએ. એ ખાતર એકાંતનો આશરો લેવો જોઇએ.

કોઈ ટેકરા પર જઇને બેસો, નદીકાંઠે જાઓ. ઉછળતા સાગર સામે જુઓ, રમણીય ઉદ્યાનમાં જાઓ, જરા સંસારનાં ચિંતા ને ત્રાસને ભૂલો. પણ ના! માણસને એટલો જબરો મોહ છે કે તે એકલો ફરવા કદી જતો નથી. ચાર માણસોને બોલાવીને પછી જ ફરવા જશે. પછી એ જ સંસાર. એની જ વાતો, કોર્ટ કચેરીના ગપાટા, શાળા–કોલેજની વાતો, પોતપોતાના ક્ષેત્રમાંનાં ગપ્પાં, બધાની નિંદાસ્તુતિ થવાની!

આમ આપણું મન જાણે કે ઉકરડો ન હોય એવું બને છે. આખા જગતનો મેલ ત્યાં ઠલવાયો હોય છે! આપણું મન જાણે એક ચોતરો. બધાની ચર્ચા એ મનમાં સદૈવ ચાલ્યા જ કરે છે! અમેરિકાના કુદરતપ્રેમી થોરોએ એક ઠેકાણે કહ્યું છે; Our mind is like a bar room વકીલોની બેઠકમાં થતી ચર્ચાની જેમ આખા જગતની ઉથલ પાથલ આ મનમાં થતી હોય છે.

પણ આ મનને પોતાના આત્માની જાણ પિછાન હોતી નથી એને પોતાના જીવનમાં કશો જ આનંદ નથી. આનંદનું ઝરણું અંદર વહે છે એની એને બિલકુલ જાણ નથી. એનો આનંદ પરવશ છે. રોજનું છાપું ન વાંચીએ તો કંઇક ભૂલ્યા હોઇએ એવું લાગે છે. કોઇનો કાગળ ન આવે તો મન ખારું થઈ જાય છે. જેને રોજ પુષ્કળ ટપાલ આવે છે તેને લાગે છે કે આપણે કેટલા મોટાં! કેટલા મોટા જગત સાથે આપણે સંબંધ છે!

## મોટો માણસ દરિદ્રી હોય છે.

પરંતુ આ મોટો માણસ દરિદ્રી હોય છે! તેને પોતાના આત્માનો એક પણ પત્ર મળતો નથી. તેને તેના આત્માનો અવાજ સંભળાતો નથી. જેને આત્માના પત્રો આવવા માંડે તેનાથી વડો ભાગ્યવાન કોણ હોઈ શકે? આ આત્માની હંમેશાં ઉપેક્ષા થતી હોય છે. જેલમાં જે પ્રમાણે કેદીની ઉપેક્ષા થાય છે પણ જેલની દિવાલો લિપાય છે, એ દિવાલોની સારી રીતે વ્યવસ્થા રાખવામાં આવે છે, એ રીતે આ દેહના કેદી આત્માની ઉપેક્ષા થાય છે, પણ આ દેહની કેટલી કાળજી રખાય છે! એ કેદી અંદર સડીને મરે છે! અરે, એની થોડીક તો મુલાકાત લો!

જેને એકાંતની ટેવ છે એને એકાગ્રતા ય સહેજે લાધી શકે છે. એકાગ્રતાની આપણને ઘણી જ આવશ્યકતા હોય છે. ગમે તેવા પ્રશ્નનો ઉકેલ મેળવવા મનને એકાગ્ર કરતાં આવડવું જોઇએ. સંસાર અથવા પરમાર્થમાંય. એ વેળા તાત્કાલિક પ્રશ્નો ઉકેલવા, મન–બુદ્ધિની એકાગ્રતા ન હોય તો કોયડાઓ ઉકેલાતા નથી. આપણે ગભરાઈ જઇએ છીએ. મહાત્માજી જેવા મહાપુરુષ તરત જ ચિત્ત એકાગ્ર કરીને બધી પરિસ્થિતિનો ઉકેલ લાવી શકતા, સ્થિતિનું આકલન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી શકતા !

એકાંતમાં આપણને શક્તિ મળે છે, આશા પ્રાપ્ત થાય છે. ભગવાનને ઘેર જઈ, તાજામાજા થઈ પાછા ફરતા હોઈએ એમ લાગે છે. એકાંત એટલે એક પ્રકારનું મરણ. મરણ પછી નવો જન્મ મળે છે તે રીતે એકાંતમાંથી જાણે પુનર્જન્મ થાય છે. અને બહાર આવતાં હોઈએ એવું લાગે છે. બુદ્ધિ પરનાં, હૃદય પરનાં સર્વ પાપો ઝાડી ઝટકીને આપણે બહાર આવીએ છીએ.

આપણા બધાના ઘરમાં ભગવાનનું મંદિર હોય છે. એ છે એકાંતની જગા. અહીં આવીને બધું એ ભુલી જવું જોઈએ. પ્રભુ પાસે ઊઘાડાં થઈ એનો હાથ આખાય શરીર પરથી ફેરવી લેવો જોઈએ. કેટલું સમાધાન ! કેટલી શાંતિ હોય છે એમાં !

ક્ષણેક પૂરતું પ્રભુ પાસે બેસી આવનાર તો દાનવોને ય ભારે બને છે. તેમનામાં અપાર ચૈતન્ય હોય છે. એકાંત એટલે સંજીવનસિંધુ મેળવવાની જગા ! એકાંતમાં હસવાને માટે રડવું પડે છે. ઉડ્ડાણ કરવા સંકોચ થાય છે. કર્મનો જોરદાર વેગ નિર્માણ કરવા અહીં કર્મશુન્યત્વ હોય છે, એકાંત એટલે સર્વ સામર્થ્યનો સાક્ષાત્કાર !

એકાંત એટલે મેલી માનવતા નહીં, જગતને તુચ્છ લેખવાની ભાવના નહીં; જગતથી કંટાળી જવાની ભાવના નહીં. એકાંત એટલે પોતાનું મેલું જીવન ધોવાની જગા. કાદવથી ગંદા થયેલાં વસ્ત્રો જેમ આપણે એક વાર જઈને ધોઈએ છીએ એ રીતે આપણું મલિન જીવન એકાંતમાં ધોવું. સમાજની સેવા અધિક ઉત્કટતાથી અધિક આશાથી, અધિક સામર્થ્ય અને શ્રદ્ધા વડે કરી શકાય એ ખાતર એકાંતનું સેવન કરવું, એકાંતનું પ્રાશન કરવું. ને મરણ એટલે સૌથી મોટું એકાંત !

**અનુવાદ : રમણલાલ નાગર**
**'જન સંદેશ' માંથી સાભાર.**

## સમાલોચના

**જીવ-વિચાર પ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન.** લેખક-શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ. પ્રકાશક-જૈન સાહિત્ય પ્રકાશન મંદિર, લાધાભાઈ ગણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ ૯. મૂલ્ય રૂા. ૬-૦૦.

જાણીતા સિદ્ધહસ્ત લેખક પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહની કલમે લખાયેલ આ ગ્રંથ નવ-વિચાર પ્રકરણની વૃત્તિરૂપે લખાયેલો છે પરંતુ તેમાં આજના વિદ્યાર્થી તથા યુવાનવર્ગને તેમજ પ્રૌઢોને પણ જાણવા જેવી અવનવી માહિતી આપેલી છે. જીવ-વિચાર-પ્રકરણ પર ગુજરાતી ભાષામાં વિસ્તાર પૂર્વક લખાયેલી આ આવૃત્તિ પહેલવહેલી છે એ દૃષ્ટિએ પણ એનું મહત્ત્વ ઘણું છે. આ ગ્રંથ પં. શ્રી ધીરજલાલ શાહે અનેક ગ્રંથોમાંથી સારભૂત તત્ત્વો ખેંચી ઘણા પરિશ્રમે તૈયાર કરેલ છે.

શ્રી ફતેહચંદ ઝવેરભાઈ તથા શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાની મનનીય પ્રસ્તાવના તથા પૂ. પં. કીર્તિવિજયજી ગણિવર્યના બે બોલ આ પુસ્તકની ઉપયોગિતાનું સુંદર નિર્દેશન કરે છે. ધાર્મિક અભ્યાસ ક્રમમાં ખાસ દાખલ કરવા યોગ્ય આ સુંદર ઉપયોગી ગ્રંથ છે. આવો ગ્રંથ તૈયાર કરવા બદલ લેખકને અભિનંદન આપીએ છીએ. અને સહુ કોઈને આ ગ્રંથ અવશ્ય વાંચવા, વિચારવા, અભ્યાસ કરવા અને વસાવવા ભલામણ કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાપનું ફળ

લે. શ્રી મનસુખલાલ તા. મહેતા

યજ્ઞ અને તેમાં અપાતી આહુતિના જમાનાની આ વાત છે.

શ્રાવસ્તિ નગરીમાં ધનદત્ત નામે એક શ્રીમંત શેઠ રહેતો હતો. ધંધા રોજગારમાં તેની સુંદર પ્રતિષ્ઠા હતી, અને તે અત્યંત પ્રામાણિક, ન્યાયી, સત્યપ્રિય અને સંતોષી હતો. તેની પત્ની ભદ્રા હતી તો સુંદર, પણ સ્વભાવે જરા જીદ્દી હતી. તેમનું દાંપત્ય જીવન બધી રીતે સુખી હતું.

ભદ્રાના લગ્નને દશેક વરસ વીતી ગયા હતા, પણ તેનો ખોળો ખાલી હતો. સ્ત્રીના માટે વંધ્યત્વ જેવું બીજું કોઇ અસહ્ય દુઃખ નથી. બાળક વિના સ્ત્રી પોતાના જીવનમાં સુખની પરાકાષ્ઠા અનુભવી શકતી નથી. ભદ્રાએ સંતાન પ્રાપ્તિ માટે ઘણા દોરા-ધાગા અને મંતરજંતર કરાવ્યાં, પરન્તુ આ બધા પ્રયાસોનું ફળ કાંઇ ન આવ્યું. કાલ, સ્વભાવ ભવિતવ્યતા, પૂર્વકર્મ અને પુરુષાર્થ-આ પાંચ કારણોના સમવાય વિના કોઇ કાર્ય થઇ શકતું નથી, તેનું ભદ્રાને ભાન ન હતું. અંતે ભદ્રા કાલિમાતાના મંદિરના પૂજારીને મળી. પૂજારી યજ્ઞયાગ અને તેના વિધવિધ જટિલ વિધિઓનો નિષ્ણાત હતો. પુત્ર પ્રાપ્તિના ઉપાય માટે કાલિ માતાનું ખપ્પર કોઇ બાળકના લોહીથી ભરી દેવામાં આવે તો સંતાન પ્રાપ્તિ અવશ્ય થાય તેમ પૂજારીએ કહ્યું. પ્રથમ તો આવો ઉપાય સાંભળી ભદ્રા કંપી ઊઠી, પણ અંતે પુત્રૈષણાનો વિજય થયો, અને ભદ્રાએ કોઇ બાળક મેળવી તેનો ભોગ આપવાનો નિશ્ચય કર્યો.

ધનદત્તના સ્વભાવથી ભદ્રા સારી રીતે પરિચિત હતી. તેના જીવનનો મુખ્ય સિદ્ધાંત હતો કે સત્યને માટે કોઇ પણ વસ્તુનો ત્યાગ કરી શકાય, પણ કોઇ વસ્તુ માટે સત્યનો ત્યાગ તો ન જ કરી શકાય. પતિ-પત્નીના સહજીવનમાં પતિ જ્યારે સરળ અને સાદો હોય છે, ત્યારે સ્વભાવિક રીતે પત્ની દરેક બાબતમાં પોતાનું ધાર્યું કરતી થઇ જાય છે. પછી તો આમ વર્તવાનો તેનો સ્વભાવ પડી જાય છે, અને જ્યાં એમ વર્તવું અશક્ય લાગે ત્યાં પતિને અંધારામાં રાખીને પણ તે પોતાનું ધાર્યું જ કરતી હોય છે.

ધનદત્ત શેઠને એક વખત પોતાના ધંધાર્થે થોડા દિવસો માટે બહારગામ જવાનું થયું, એટલે તક સાધી ભદ્રાએ એક ભિક્ષુક બાઇને થોડી રકમ આપી તેનું બાળક પોતે રાખી લીધું. ભિખારણ બાઇને ચાર પાંચ નાના નાના બાળકો હતા, અને દૂધના ટીપા માટે તેઓ વલવલતા હતા. ભિખારણે વિચાર્યું કે શેઠાણી સંતાન વિહોણાં છે, એટલે પોતાના બાળકનું માતાની માફક જતન કરશે, અને તેનું બાળક અત્યંત સુખમાં મોટું થશે. ભદ્રાએ મંદિરના પૂજારીને બોલાવી બાળકને તેને હવાલે કર્યું, અને પૂજારીએ બાળકના લોહીથી કાલિમાતાનું ખપ્પર ભર્યું.

'કાગનું બેસવું અને ડાળનું પડવું'ની કહેતી મુજબ ઉપલા બનાવ પછી એકાદ વરસે ભદ્રા શેઠાણીને ત્યાં પુત્ર જન્મ્યો, અને ગામમાં ઘેરે ઘેરે મીઠાઇ વેંચવામાં આવી. શેઠ અને શેઠાણી બંનેના આનંદની અવધિ આવી ગઇ. હવે તેઓ સંપૂર્ણ રીતે સુખી હતા, કોઇ વાતનું દુઃખ ન રહ્યું.

વરસો વીતી ગયા, અને ધનદત્તશેઠના પુત્ર શોભનને ત્યાં પણ એક પુત્રનો જન્મ થયો. વેપારધંધો વધ્યો, ધન વધ્યું અને ઘરનો વૈભવ વિલાસ પણ વધ્યો. આ બધું જોઇને ભદ્રાને કોઇ કોઇ વખતે અભિમાન થઇ આવતું કે બધા સુખના સાચા યશની અધિકારી તો માત્ર તે પોતે જ હતી, કારણ કે ધનદત્ત શેઠની માફક પોતે પણ સત્યના પૂછડાને પકડી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાખ્યું હોત તો, પેલા બાળકનો ભોગ ન આપી શકાયો હોત, અને તો શોભનનો જન્મ પણ ક્યાંથી થાત ?

માનવી પાપ કર્મ કરે, અસત્ય આચરણ કરે, અને તેમ છતાં તેની શિક્ષામાંથી છટકી જાય એવું આ જગતમાં કદી બન્યું નથી, અને બનવાનું પણ નથી. માનવરચિત કાયદાઓમાંથી ગુનેગાર કદાચ નિર્દોષ તરીકે છૂટી જાય, પણ લોકો જેને કુદરતનો ન્યાય, ઇશ્વરનો કાયદો અગર કર્મના સિધ્ધાંત તરીકે ઓળખે છે, તેમાં કદી ભૂલ થવા પામતી જ નથી.

શ્રાવણ માસના દિવસો હતા. આકાશ વાદળાઓથી ઘેરાયેલું હતું. સાંજનો સમય હતો, અને ધનદત્તશેઠનું કુટુંમ્બ આનંદમાં મહાલતુ હતું. એવા સમયે ધનદત્તશેઠ ગામથી જરા દૂર પોતાના વાડામાં સંડાશ જવા નીકળ્યાં, પણ વાડાની નજીક પહોંચ્યાં ત્યાંતો ધરતીકંપનો ભયંકર આંચકો લાગ્યો, અને શેઠ તરત પોતાના ઘર તરફ પાછા ફર્યાં. ધનદત્ત શેઠની હવેલી વિશાળ અને મોટી હતી, એટલે ધરતીકંપના આંચકામાં તેનો સંપૂર્ણ વિનાશ થઇ ગયો હતો, અને ઘરના તમામ માણસો મકાનના કાટમાળ નીચે દબાઇ ગયા હતા.

ગામમાં હાહાકાર થઇ ગયો, અને કેટલાએ માણસો કાટમાળ નીચે દબાઇ ગયેલા માણસોને બહાર કાઢવા પ્રયત્નો કરવા લાગ્યા. ધનદત્તશેઠ શૂન્યમનસ્ક થઈ ગંભીર વદને આ બધી ક્રિયા જોઇ રહ્યા હતા. શેઠાણીનું શરીર મરણતોલ હાલતમાં બહાર નીકળ્યું, પણ તેના જીવવાની કોઇ આશા ન હતી. તેઓ ઘડી બે ઘડીના મહેમાન હતા : બાકીના તમામના તો માત્ર શબજ હાથ લાગ્યા.

આખું એ દ્રશ્ય કમકમાટી ઉપજાવે તેવું હતું. ધરતીકંપના એકજ આંચકાએ ક્ષણ માત્રમાં અનેક જીવોનો સંહાર કરી નાખ્યો હતો, અને મોજવૈભવનાં સાધનોને ભંગારમાં ફેરવી નાખ્યો. આજુ બાજુ એકઠાં થયેલાં માનવીઓ આ ભયંકર દ્રશ્ય જોઇકમકમી ઊઠયાં. પાષાણ જેવા હૈયા પણ મીણની માફકપીગળી જાય તેવું કરુણ દ્રસ્ય હતું. ધનદત્તશેઠ અને ભદ્રા શેઠાણીના વેદનાનું દુ:ખ લોકોથી જોઇ શકાય એવું ન હતું

જે પુત્રના જન્મ માટે એક નિર્દોષ બાળકનો ભોગ આપ્યો હતો, તેજ પુત્રનું શબ ભદ્રાની સામે પડયું હતું પુત્ર, પૌત્ર વધૂ, જેના કારણે તે સુખના શિખર પર હોવાનું માનતી હતી, તેજ બધા નિર્જીવ અવસ્થામાં તેની નજર સામે પડેલા હતા. માનવીનું મન જેને 'હું' અને 'મારૂં' ગણેછે, તેનાથી થોડો કાળ તો તે આનંદ અનુભવે છે, પણ આ આનંદ પોકળ અને ક્ષણિક છે. કારણકે. પતિ, પત્ની, પુત્ર, પૌત્ર કે પુત્રી અગરતો ધન, સત્તા, વૈભવ અને કીર્તિ જેને માનવી સુખના સાધનો માને છે, તે કાંઇ નિત્ય કે કાયમ ટકે એવા નથી, એટલે તેનો નાશ થતાં આનંદને બદલે આઘાત અનુભવવો પડે છે. આનંદ અને આઘાત બંને એક સિક્કાની બે બાજુ જેવા છે.

વજ્ર જેવું કઠણ હૈયું કરી અંતે ધનદત્ત શેઠે ભદ્રાને એક પાટ પર સુવરાવી, આજુબાજુના માણસોને દૂર કરી અંતિમ આરાધના કરાવતાં પહેલાં કહ્યુ : ભદ્રા, ભાવિમાં જે બનવાનું નિર્માણ થયેલું હોય છે, તેમાં કોઇ ફેરફાર કરી શકતું નથી, અને સંસારનું સ્વરૂપ આવું વિચિત્ર હોવાના કારણે જ જ્ઞાનીઓએ આ સંસારને અસાર કહ્યો છે. તારી અંતિમ ઘડીએ તારા ચિત્તને હવે ધર્મમાં જોડી દે.

ભારે કષ્ટપૂર્વક અને ગદ્દગદિત કંઠે ભદ્રાએ કહ્યું : ભાવીમાં આવું બનવાનું જે લખાયું, તેના મૂળમાં નિમિત્ત તો હું બની છું. પછી, યુવાન વયે પુત્ર પ્રાપ્તિ અર્થે આપેલાં બાળકના ભોગની વાત કરી પાપનો એકરાર કરતાં કહ્યું : હું મારી જાતને તમારા કરતાં વધુ વ્યવહારુ અને હુશિયાર માનતી હતી, અને તમને અંધારામાં રાખી આ કાળો કામો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યો. હું એમ સમજતી કે અન્ય જીવને દુ:ખ થાય એટલે હિંસા ન કરવી, પણ જીવનની અંતિમ પળે હવે મને ભાન થાય છે કે માત્ર બીજાને દુ:ખમાંથી બચાવવા અર્થે હિંસાથી દૂર રહેવું, એમ કહેવું તદ્દન સાચું નથી. પણ આપણી જાતને દુ:ખ–વેદના–આઘાતમાંથી બચાવવા અર્થે પણ હિંસાથી દૂર જ રહેવું રહ્યું. અસત્યના માર્ગે જઇ કોઇ પણ કદી સુખી થઇ શકતું નથી, એટલે જીવનમાં ગમે તેવા દુ:ખનો સામનો કરવો પડે તો પણ કદી સત્યના માર્ગથી ચ્યુત ન થવું જોઇએ એ વાત મને હવે સમજાય છે. સત્ય પ્રત્યેનો તમારો આગ્રહ અને પક્ષપાત હવે આજે હું સમજી, પણ હવે તો બહુ મોડું થયું. એક વખત તમે મને ક્ષમા આપો એટલે હું નિરાંતે મરી શકું !

ભદ્રાની વાત સાંભળી ધનદત્ત શેઠ કંપી ઊઠયાં, પણ જીવનની અંતિમ ઘડીએ ભદ્રાને એ શું કહી શકે ? પ્રસંગની ગંભીરતા તેમજ પરિસ્થિતિ અને સંજોગોનો ખ્યાલ કરી ધ્રુજતા અવાજે પોતાનો હાથ ભદ્રાના શિરે મૂકી બોલ્યા : ભદ્રા ! સાચા હૃદયથી કરેલાં પશ્ચાતાપમાં ગમે તેવા મહાન પાપને બાળી નાખવાની શક્તિ છે. જીવનની અંતિમ ઘડીએ જે બોધપાઠ તને મળ્યો, તે તારા નવા જન્મમાં માર્ગદર્શન રૂપ થઇ પડશે. આમ તો આપણે બધા એક પ્રકારના યાત્રિકો જેવા છીએ; એક યાત્રા પૂર્ણ થતાં નવી યાત્રાની શરૂઆત થાય છે. નવી યાત્રા વખતે પાછલી યાત્રાઓમાં મળેલાં બોધપાઠો આપણને મદદરૂપ અને માર્ગ સૂચક બની જાય છે. તારી નવી યાત્રા સંપૂર્ણપણે સુખમય હો, અને આ વખતની યાત્રામાં મળેલો બોધપાઠ નિરંતર તારા સ્મરણમાં રહો એવા મારા આશીર્વાદ છે.

તે પછી, ધર્મના સૂત્રો સાંભળતાં ભદ્રાએ છેલ્લો શ્વાસ લીધો, અને ધનદત્ત શેઠના શોકનો પાર ન રહ્યો. એકજ અસત્ય કાર્ય કેવો વિનાશ સર્જી શકે છે, તે પ્રત્યક્ષ રીતે તેણે જોઇ લીધું. કોઇ વિદ્વાન પુરુષે સાચું જ કહ્યું છે કે :—

એક અસત્યથી જન્મે, અસત્યો બહુ જૂજવાં !
રોપે અસત્ય જે તેને, પડે એ ઝૂંડ વેઠવાં !

## અભિનંદન !

આપણી સભાના ઉપપ્રમુખ શેઠ શ્રી ફતેહચંદભાઇના પૌત્ર અને ભાઈ હિંમતલાલના પુત્ર ચિ. ભાઇશ્રી અજિતકુમાર ગઇ સાલ ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા ગયા હતા તે પ્રસંગે સભાએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. તેઓએ રોડ આઇલેન્ડ યુનિવર્સિટી ( Rhode Island University )માં સીવીલ એન્જીનીઅરીંગની એમ. એસ. (M. S.)ની પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પસાર કરી છે. અને હવે પ્રેકટીકલ કામગીરીનો અનુભવ લેવા બે વર્ષ સુધી ત્યાં રોકાવાના છે. આ સભા ભાઇ અજિતકુમારને તેમની સફળતા માટે અભિનંદન આપે છે અને શુભેચ્છાઓ પાઠવે છે.

## વિજ્ઞપ્તિ

આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતી કરવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચા આનંદની અનુભૂતિ ક્યારે થાય ?

લે૦ શ્રી ભાનુમતીબેન દલાલ એમ. એ.

આપણે સહુ જીવનમાં આનંદપ્રાપ્તિની ખેવના રાખીએ છીએ અને તેની સતત ખોજ પણ કરતા હોઇએ છીએ. આમ છતાં મોટા ભાગના માણસોને જીવનનો આનંદ બહુધા અપ્રાપ્ત જ રહે છે અને મૃગજળ પાછળ હરણ દોડે તેમ આનંદ પાછળ અવિરત દોડવા છતાં તેમાં નિરાશા જ મળે છે. એમને જીવન કંટાળા ભરેલું, અધુરું અને અપૂર્ણ લાગે છે અને પોતાના જીવનના માર્ગમાં તેને હંમેશા કંટકો અને પહાડો જ દેખાય છે.

આનંદનું અસ્તિત્વ તો આ જગતમાં જ છે, એમાં જેમ શંકાને સ્થાન નથી. તેમ જીવનમાં કોઈ કોઇ વખતે અપૂર્વ આનંદનો અનુભવ પણ આપણને સ્પર્શી જાય છે, એ વાત પણ જરાય અસત્ નથી. પરંતુ અહીંયા સવાલ એ છે કે આનંદની અનુભૂતિ સતત અને સંપૂર્ણ કેવી રીતે થઇ શકે ?

જીવનની સામાન્ય સપાટી પર દેખાતા આનંદ અને શોકને આપણે જો સત્ય માનીએ તો જીવનમાં શોક જ વધુ છે. એમ કહેવું પડે, પરંતુ આ સપાટી પરના આનંદ કે શોક એ સંપૂર્ણ સત્ય વાત નથી. એ ખાસ સમજવાની જરૂર છે. ખરી વાત એ છે કે શોકની કે દુ:ખની ફરિયાદ કરનારા ઘણા એવા માણસોને આનંદ પ્રાપ્ત કરવાની આવડત નથી હોતી.

જે આનંદ માટે આપણે સામાન્ય રીતે ઝંખના કરીએ છીએ ને જે મેળવવા માટે તરફડિયાં મારીએ છીએ, તે આનંદ કેટલીકવાર સાચો આનંદ હોતો નથી. આનંદમાં પણ શુદ્ધ અને અશુદ્ધ એવા પ્રકારો છે. જે આનંદમાં આપણે ભોગવવાની આશા રાખીએ છીએ તે આનંદ અશુદ્ધ અને ક્ષણિક હોય છે. અને એથી તેમાં આભાસ માત્ર હોય છે. આવા આનંદની પ્રાપ્તિને અંતે ઉચ્ચકોટિનું સુખ, સંતોષ કે સંતૃપ્તિનો અનુભવ થતો નથી, પણ ઉલટું એમાં દુઃખ, વિષાદ, અસંતોષ અને અતૃપ્તિનો અનુભવ થાય છે. જેમકે આપણે ન ગમતું હોય, કંટાળો આવતો હોય, મન આનંદમાં ન હોય એટલે આપણે મનને તાજગી અને આનંદ આપવા પિક્ચર કે નાટક જોવા જઇએ છીએ. જો સિનેમા સારો નીકળ્યો તો ક્ષણવાર પૂરતો આનંદ મળે છે. આપણને થોડીકવાર કંઇક રાહત આપે છે. પણ જો સીનેમા ખરાબ નીકળ્યો તો મનની મઝા મારી જાય છે, પૈસાની બરબાદી થઇ તે ખટકે છે, સમય બગડયો તેનો અસંતોષ પ્રગટે છે મનને તાજગીમાં લાવવાને બદલે વિષાદ ઉત્પન્ન થાય છે. આત્માને જે તૃપ્તિ મળવી જોઇએ ત્યાં કંઇક ઊણપ અધૂરપ લાગે છે અને જેવી હાલતમાં ગયા હોઇએ તેવાજ માત્ર આનંદના આભાસ સાથે પાછા ફરીએ છીએ આને અશુધ્ધ આનંદ કહી શકાય.

શુદ્ધ આનંદમાં ભોગવવાની, માણવાની નહિ પણ છોડવાની, બીજાને માટે સ્વસુખનો ત્યાગ કરવાની ભાવના હોય છે. આપણે બીજા માટે કંઇ કરી શકીએ, એનાથી તે વ્યક્તિને આનંદ અને સુખ મેળવતાં જોઇએ, ત્યારે જે આનંદ આપણને થાય છે તે જુદાજ પ્રકારનો કોઇ અદ્‌ભૂત આનંદ હોય છે. અલબત એ ત્યાગ હૃદયના સાચા ભાવથી થયો હોવો જોઇએ. નહીં કે કોઇ બીજા હિતની લાલસાથી. તોજ આપણું હૃદય ગૌરવ અનુભવી શકે છે.

શીલા અને મંદાનીજ વાત લઇએ. શીલા મારી બેનપણી છે. આર્થિક સ્થિતિ તેની તદ્દન સામાન્ય છે પણ તે પોતે એકાદ બે ટ્યુશન કરી અંગત ખર્ચ મેળવી લઇ આનંદથી રહે છે. પણ એકવાર તેને ખબર પડી કે તેની બહેનપણી મંદા હવે ભણી નહીં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકે, કારણ કે તેનો ભણાવવાનો ખર્ચ હવે તેના ભાઈઓ ઉપાડવાની ચોકખી ના પાડે છે. તેઓ કહે છે તેમની હવે શક્તિ નથી. મંદા આમ તો ભણવામાં સારી છે. સહેલાઇથી બી. એ. પાસ થઇ જાય એવી, પણ હવે તે શકય રહ્યું નથી. મંદા ખૂબ જ દુઃખી થઈ આ વાત શીલાને કરી ગઇ. વાત સાંભળીને શીલાના મનમાં કશીક અડમથલ ચાલી. કંઇ જબરી હલચલ ઉપડી. વિચારો ઉભર્યાં, 'શું કરું ? કેવી રીતે મંદાને મદદરૂપ થઇ શકાય ?" .... ને હા, તેને સૂઝી આવ્યું. "મારા ટયુશનના પૈસા શા માટે તેને આપી ન દઉં ? થોડી દુઃખી થઇશ થોડો ત્યાગ કરવો પડશે, થોડુંક બીજીરીતે નભાવી લેવું પડશે, પણ મંદાનું તો આખુંયે જીવન આટલાથી નહીં સુધરી જાય ? ને આખરે પ્રશ્ન તો બે વર્ષનો જ છે ને !' વિચારોનો સંઘર્ષ શરૂ થયો. મોહ અને ત્યાગ વચ્ચેની, ભાવના અને વ્યવહાર વચ્ચેની, પ્રેમ અને જરૂરિઆત વચ્ચેની ખેંચાખેંચ ચાલી, પણ એ બધું તો થોડીવાર માટેજ. આખરે ભાવના અને ત્યાગની જીત થઇ. ને શીલાની સહાય વડે મંદા બી. એ. જ નહિ બી. ટી. પણ થઇ ને શાળામાં નોકરીએ પણ લાગી ગઇ. આજે તેને પગભર, સ્વતંત્ર ને માતાને પોષતી જોઇ શીલા ખૂબ આનંદ અનુભવે છે. ને મંદા શીલાનો ઉપકાર માનતા થાકતી નથી કૃતજ્ઞતાભર્યા હૃદયે તે હંમેશા કહેતી હોય છે 'શીલા બહેન તમે હતા તો આ સુખ નિર્માણ થયું છે. તમારા વગર મારું શું યે થાત ? વગેરે ...' શીલા આ સાંભળી કોઇ એવી ધન્યતા અનુભવે છે જે તેણે આ પૂર્વે કદી કોઇ મોટી પ્રાપ્તિ દ્વારા કે કોઇ સફળતામાંથી પણ ન્હોતી અનુભવી. આ છે ત્યાગનો સ્વચ્છ, શુદ્ધ આનંદ. ભલે તે દુન્યવી વ્યવહારના ક્ષેત્ર દ્વારા પ્રાપ્ત થયો હોય. સામાન્ય માનવીને પણ સુલભ એવો હતો એ આનંદ.

જ્યારે સાચો, શુદ્ધ અને નિર્મળ આનંદ એ આત્માનું ઉચ્ચ સ્વરૂપ છે એની પ્રાપ્તિમાં જ ઇશ્વરની પ્રાપ્તિ સમાએલી છે. સહુની સાથે મૈત્રીની ભાવના, સંયમી જીવન, ત્યાગ, હૃદયશુદ્ધિ, સાત્ત્વિકજીવન, સત્યની ખેવના, ધ્યાન વગેરે એ આનંદ માટેના મુખ્ય તત્ત્વ છે. પણ વ્યક્તિનું મન જ્યાંસુધી રાગદ્વેષથી ભરેલું હોય ત્યાંસુધી સાચા આનંદની પ્રાપ્તિ આકાશપુષ્પ જેવી છે. રાગદ્વેષથી રંગાયેલા મનનો આનંદ ઉપર ઉપરનો ક્ષણિક હોય છે અને ઘણીવાર વિષાદપૂર્ણ હોય છે. આથી ઉલટું અલ્પ રાગ-દ્વેષી કે સર્વથા તે વિનાના વિશુદ્ધમનમાં જે આનંદ જન્મે છે તેની તૃપ્તિ અનિર્વચનીય હોય છે. તે આનંદની અનુભૂતિ અનુપમ હોય છે અને અક્ષય હોય છે.

ઉચ્ચ આનંદના અધિકારી બનવા માટે પ્રથમ પાયા તરીકે જીવનમાં જ્યારે જ્યારે અથડામણ વિસંવાદના અને દુઃખના પ્રસંગો આવે ત્યારે ત્યારે તે વખતે પ્રસંગો પ્રત્યેની આપણી દૃષ્ટિને આપણે બદલી નાંખવાની જરૂર છે. આનંદ એ કંઇ બહારની દુનિયામાંથી કે બાહ્ય પરિસ્થિતિમાંથી જ મેળવી શકાય એવી વસ્તુ નથી. પણ એ તો અંતરમાંથી પ્રગટ થનારી ચીજ છે. તેના માટે ચિત્તની પ્રસન્નતા એ એનું સાધન છે.

આપણે ચિત્તની પ્રસન્નતા કે આનંદ અંદરથી મેળવવાને કે સમજવાને બદલે બહારથી મેળવવા, જોવા કે અન્ય વસ્તુઓમાંથી લાવવા પ્રયત્ન કરીએ છીએ. પણ આપણે એ ભૂલી જઇએ છીએ કે બહારની વસ્તુઓ જડ છે—અસ્થિર છે. એમાંથી ચૈતન્યપૂર્ણ આનંદની અનુભૂતિ થઇ નથી શકતી.

ઘણીવાર આપણું ચિત્ત ઉદ્વેગમાં હોય ત્યારે આપણાથી ગમે તેવી સુંદર વસ્તુ હોય, મિષ્ટ ભોજન હોય કે સુંદર દૃશ્ય હોય તો તેમાં આનંદ અનુભવાતો નથી. તેથી આનંદની ઉત્પત્તિ બાહ્યવસ્તુઓ કે દૃશ્યો ઉપર આધારિત નથી. સાચા આનંદની અનુભૂતિ ત્યારે જ શકય બને છે કે જ્યારે આપણે આ સચરાચર વિશ્વમાં ઉછળતા સત્ ચિત્ આનંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાસાગરની ઊર્મિઓને પ્રત્યેક પળે ઝીલીને આત્મસાત્ કરી શકીએ અને એ માટે સમ્યગદૃષ્ટિ હોવી જોઇએ. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પ્રગટ થવો જોઇએ અને સમ્યગ્ચારિત્ર જીવનમાં હોવું જોઇએ.

સત્-ચિત્પૂર્વકનો આનંદ જેને લાધે તેના જીવન વિષાદના વાદળો સર્વથા વિલય પામે છે. હર્ષ કે શોકમાં તે સમભાવી હોય છે. મનની સંકુચિતતા નષ્ટ પામી હોય છે. દુનિયાના નાના મોટા પ્રત્યેક પદાર્થમાંથી તે આનંદ મેળવવાનો અધિકારી બન્યો હોય છે અને ઐહિક આનંદમાંથી અલૌકિક આનંદની અનુભૂતિ કરતો માનવ સંસારની મોહમાયાના બંધનો ફગાવીને અક્ષય, અનંત અને નિરાબાધ કોટિના આનંદનું શિખર સર કરવા માટેનો પૂર્ણાધિકારી બની ચૂકયો હોય છે. ત્યાં પહોંચ્યા પછી બસ આનંદ આનંદ અને આનંદ સિવાય કંઇજ હોતું નથી.

## સ્વર્ગવાસ નોંધ

શેઠશ્રી માવજીભાઈ દામજી શાહ મુંબઇ ખાતે અસાડ સુદી ૧૧ના શુક્રવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમે ખુબ દીલગીર થયા છીએ. સ્વર્ગસ્થ ખૂબ જ પ્રેમાળ અને મિલનસાર સ્વભાવના હતા તેઓ વિદ્વાન, ચિંતક અને લેખક હતા જૈન ધર્મના સારા અભ્યાસી હતા અને જૈન સમાજમાં ધાર્મિક સંસ્કારો સીંચવાના જીંદગીભર પ્રયાસો તેમણે કર્યા હતાં તેમના અવસાનથી જૈન સમાજ ને એકદમ ન પૂરાય તેવી ખોટ પડી છે તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમ કૃપાળુ શાસન દેવ તેમના આત્માને શાંતિ અર્પે તેમ અમે પ્રાર્થના કરીએ છીએ

# સમાચાર નોંધ

પ. પૂ. આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મ. ની નિશ્રામાં સહરાનપુરમાં વૈ. શુદિ ચૌદશના રોજ એક સભા ભરવામાં આવી હતી જેમાં જૈન ભાઇબેનોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. આ પ્રસંગે દિગંબર વિદ્વાન એડવોકેટ દિગંબરદાસજીએ જણાવ્યું હતું કે દિલ્હીમાં શ્રી મહાવીર જયંતિના પવિત્ર દિવસે બધા જૈનબંધુઓએ સાથે મળી જયંતિ શાનદાર રીતે ઉજવી પણ ત્યારબાદ થોડા જ દિવસોમાં સમેતશિખરજી તીર્થનો પ્રશ્ન લઇને શ્વેતાંબર તથા દિગંબર સમાજમાં મનદુઃખ ઊભું થયું અને દિગંબર સમાજ તરફથી જુલુસ કાઢી અશોભનીય પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી એ દુઃખની વાત છે. ઐકયતાને ધ્યાનમાં રાખી શાંતિપૂર્વક આ પ્રશ્નને હલ કરવો એજ શોભાસ્પદ છે.

આ. શ્રી વિજયસમુદ્રસૂરિજીએ આ પ્રસંગે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે આપણે બધા શ્વેતાંબરો તથા દિગંબરો—મહાવીરસ્વામીના સંતાનો છીએ છતાં ધર્મના નામે અંદરોઅંદર ઝઘડીએ છીએ એ શોચનીય છે. આપણા આપસ આપસના ઝઘડા આપણે શાંતિપૂર્વક પતાવી લેવા જોઇએ. આપણે તીર્થના નામે, ધર્મના નામે હજારો—લાખો રૂપિયો ખર્ચી નાંખીએ છીએ. જો એ જ રૂપિયા બચાવીને જૈન સમાજના હિતકાર્યોમાં ખર્ચીએ તો કેટલો બધો લાભ થાય !

આપણે જુલુસ, પ્રસ્તાવ, હેંડબીલો આદિ બંધ કરીને સમજૂતીપૂર્વક કામ કરવું જોઇએ એમાં જ આપણી શોભા છે, આપણું હિત છે. મને વિશ્વાસ છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી આપણા દિગંબર બંધુઓની સુવિધાઓને અવશ્ય ધ્યાનમાં રાખશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

| બનાવનારા | | બનાવનારા |
| --- | --- | --- |
| બારજીસ | | રોલીંગ શટર્સ |
| લાઇફ બોટસ | | ફાયર પ્રૂફ ડોર્સ |
| ટગ્ઝ | શીપ | રોડ રોલર્સ |
| ડ્રેજર્સ | બીલ્ડર્સ | વ્હીલ બેરોઝ |
| પેસેન્જર વેસલ્સ | અને | રેફ્યુઝ હેન્ડ કાર્ટસ |
| પોન્ટૂન્સ | એન્જીનીઅર્સ | પેલ ફેન્સીંગ |
| મૂરીંગ બોયઝ | | લેડ-યુલાઇટ ( લેટવુલ ) |
| બોયન્ટ એપરેટસ વિગેરે | | મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે |

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રા. લી.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ

શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડીડી)
ફોન નં. ૬૦૦૭૧/૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઇ

એન્જીનીઅરીંગ વર્કર્સ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઇ નં. ૧૨ (ડીડી)
ફોન નં. ૪૦૪૦૮
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | જિનવાણી | .... | ૧૫૯ |
| ૨ | વિનય | ....શ્રીમદ્ રાજચંદ્ર | ૧૬૦ |
| ૩ | સત્યાસત્ય વિવેક | ....સ્વ. આ શ્રી વિજયકસ્તુરસુરિજી | ૧૬૧ |
| ૪ | એકાંત અને એકાગ્રતા | ....સાને ગુરુજી | ૧૬૬ |
| ૫ | પાપનું ફળ | ....મનસુખલાલ તા. મહેતા | ૧૬૮ |
| ૬ | સાચા આનંદની અનુભૂતી ક્યારે થાય ? | ....ભાનુમતીબ્હેન દલાલ | ૧૭૧ |
| ૭ | જૈન જગત | .... | ૧૭૩ |


## "આત્માનંદ પ્રકાશ"નો આવતો અંક

"આત્માનંદ પ્રકાશ" નો આવતો અંક હવે શ્રાવણ ભાદ્રપદના ખાસ પર્યુષણ અંક તરીકે તા. ૧૮ ૮-૬૫ ના રોજ પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારીને અંગે આ માસિક ખોટમાં ચાલે છે, એમ છતાં જ્ઞાનપ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને એને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતું કરી રહ્યા છીએ અને આ દૃષ્ટિએ જ અમોએ આવતો અંક "પર્યુષણ" અંક તરીકે પ્રગટ કરી બને તેટલી સારી રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ અને તે બને તેટલો દળદાર કરવાની પણ અમારી ભાવના છે. તો વિદ્વાન આચાર્યો, મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ કે તેઓ પોતાના લેખો આ માસની આખર સુધીમાં બને તેટલા વેલાસર અમોને મોકલી આભારી કરે.

માસિકની ખોટને પહોંચી વળવા માટે યોગ્ય જાહેર ખબરો સ્વીકારવાનો અમોએ નિર્ણય કર્યો છે અને તે અંગે અમોને યોગ્ય સહકાર પણ મળ્યો છે.

વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય-શિક્ષણ સંસ્થાઓને અમારી વિનંતિ છે કે મહાવીર જયંતિ અંકમાં તેઓ પોતાની જાહેરાત મોકલી **જ્ઞાનપ્રચારના** અમારા આ કાર્યમાં બનતો સહકાર આપી અમોને આભારી કરે.

આ માસિકમાં અપાતી જાહેર ખબરનો યોગ્ય બદલો મળી રહે છે તેની અમો આપને ખાત્રી આપીએ છીએ.

**—જાહેરાતના દર—**

પેજ આખું, રૂા. ૩૦ પેજ અર્ધું, રૂા. ૧૮.

ટાઈટલ પેજ ત્રીજુ, રૂા. ૪૦ ટાઈટલ પેજ ચોથું, રૂા. ૫૦

આપનો લેખ અગર જાહેરાત તરત મોકલી આભારી કરશો.

## શ્રી જૈન આત્માનંદ પ્રકાશ : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Rd. No. G. 49

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર. (સૌરાષ્ટ્ર)

## ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે. તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન-ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

१ वसुदेव हिन्डी : (દ્વિતીય અંશ) १०-००

२ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ भा. २जो (પાંચ અને છ) ६-००

३ जैनमेघदूत २-००

४ प्रकरण संग्रह (પ્રતાકારે) (જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ०-५०

५ त्रिषष्ठी पर्व भा. १लो. (મૂળ સંસ્કૃત) ६-००

६ " भा. २जो ( " ) ८-००

७ " (પ્રતાકારે) १०-००

आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त

८ सम्मतितर्कमहार्णवतारिका........ १५-००

९ तत्त्वार्थाधिगमसूत्रम्............ १५-००

## લખો :—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર :

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રણ સ્થાન: આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ,-ભાવનગર.

For Private And Personal Use Only